પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૭૮ | ૮ સપ્ટેમ્બર, ૨૦૨૧, બુધવાર; ભાદરવા સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કાશ્મીરમાં ૨૦૦ આતંકી સક્રિય

## પાક.ના ઈશારે હુમલાનું જોખમ : અફઘાન પર તાલિબાનના કબજા બાદ આઈએસઆઈએસ ફરી સક્રિય : સરહદના વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી, પાકિસ્તાનથી લાગેલી સરહદ પર સર્વિલાંસ અને જવાનોની સંખ્યા સતત વધારાઈ



શ્રીનગર, તા.૭

અફઘાનિસ્તાન પર તાલિબાનના કબ્જા બાદ પાકિસ્તાનની ખાનગી એજન્સી આઈએસઆઈએસ એક વાર ફરી સક્રિય છે. ખાસ વાત એ છે કે પાકિસ્તાની આતંકવાદીઓની નજર હવે કાશ્મીર પર છે. જેને લઈને ભારતીય ખાનગી એજન્સીએ એલર્ટ પણ જારી કર્યુ છે. જમ્મુ કાશ્મીરમાં અત્યારે લગભગ ૨૦૦ આતંકી સક્રિય છે. જેમાં વિદેશી આતંકી પણ સામેલ છે. તેઓ આતંકી હુમલા માટે આઈએસઆઈના ઈશારાની રાહ જોઈ રહ્યા છે. આ એલર્ટ બાદ સરહદના વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા વધારી દેવાઈ છે. ભારતીય સુરક્ષા એજન્સીઓ અનુસાર અફઘાનિસ્તાન બાદ પાકિસ્તાન જમ્મુ કાશ્મીર પર નજર રાખી શકે છે. જે માટે આક્રમક રણનીતિ પર પણ કામ કરી શકે છે. અફઘાનિસ્તાન પર તાલિબાનના કબ્જા પહેલા જ આઈએસઆઈ લશ્કર-એ-તૈયબા, જૈશ-એ-મોહમ્મદ અને અલ બદ્ર જેવા આતંકી સંગઠનોના આતંકવાદીઓને ભારતમાં ઘૂસણખોરી કરાવવાના પ્રયાસ કરી ચૂક્યા છે. છેલ્લા બે મહિનામાં આ પ્રકારની ગતિવિધિઓ સક્રિય હોવાના સતત સંકેત મળ્યા છે. જોકે ભારતીય સેનાએ દરેક મોર્ચે જડબાતોડ જવાબ આપ્યો છે પરંતુ

● અનુસંધાન પાન-૭ પર

# તાલિબાન સરકારનું નેતૃત્વ મોહમ્મદ હસનને સોંપાયું

## તાલિબાનના મુખિયા મુલ્લા હેબતુલ્લાહ અખુંદજાદા દ્વારા હસનને આ જવાબદારી સોંપવાનો નિર્ણય કરવામાં આવ્યો

કાબુલ, તા.૭

અફઘાનિસ્તાનમાં તાલિબાનની સરકારનું નેતૃત્વ મુલ્લા મોહમ્મદ હસન અખુંદને આપવાની જાહેરાત કરવામાં આવી છે. મોહમ્મદ હસન અત્યાર સુધી તાલિબાનની સર્વોચ્ચ નિર્ણયકારી સંસ્થા 'રહબરી શૂરા'ના પ્રમુખ રહ્યા છે. પાકિસ્તાની મીડિયાના રિપોર્ટ પ્રમાણે તાલિબાનના મુખિયા મુલ્લા હેબતુલ્લાહ અખુંદજાદાએ હસનને આ જવાબદારી સોંપવાનો નિર્ણય કર્યો છે. આ સિવાય મુલ્લા અબ્દુલ ગની બરાદરને તેમના ડેપ્યુટી બનાવવાનો નિર્ણય થયો છે. બરાદરની સાથે મુલ્લા અબદસ સલામને પણ હસન અખુંદના ડેપ્યુટી તરીકે નિયુક્ત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.



મુલ્લા હસન હાલ તાલિબાનની સર્વોચ્ચ નિર્ણયકારી સંસ્થા રહબરી શૂરાના પ્રમુખ છે. અખબાર પ્રમાણે મુલ્લા હસન કંધારના રહેવાની છે, જ્યાંથી તાલિબાનનો જન્મ થયો હતો. તે તાલિબાનના સંસ્થાપક સભ્યોમાંથી એક રહ્યા છે. તે ૨૦ વર્ષ સુધી રહબરી શૂરાના હેડ રહ્યા છે અને તેને હેબતુલ્લાહ અખુંદજાદાના વિશ્વસનીય માનવામાં આવે છે. તાલિબાનની ૧૯૯૬ની પાછલી સરકારમાં હસન વિદેશ મંત્રી અને ડેપ્યુટી પ્રધાનમંત્રીના પદ પર હતા. અખબાર પ્રમાણે તાલિબાનના સંસ્થાપક મુલ્લા ઉમરના પુત્ર મુલ્લા

● અનુસંધાન પાન-૭ પર

# કાબૂલમાં અફઘાની મહિલા પાક. સામે રસ્તા પર

## અફઘાનિસ્તાનમાં તાલિબાનો સામે ભારે રોષ : કાબુલમાં અડિંગો જમાવનાર પાક.ની જાસૂસી સંસ્થા ISIના ચીફ ફૈઝ હમીદ પાછા જાય તેવી માગણી કરી

કાબૂલ, તા.૭

પંજશીર પ્રાંત કબ્જે કરવા માટે તાલિબાનને પાકિસ્તાને કરેલી મદદ જગ જાહેર થઈ ચુકી છે. જોકે પંજશીરમાં હવે પાકિસ્તાન સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને તાલિબાનને ટક્કર આપી રહેલા નોર્ધન એલાયન્સ પર પાકિસ્તાનની વાયુસેનાએ બોમ્બ મારો કર્યો હતો. એ પછી પાકિસ્તાન સામે અફઘાનિસ્તાનમાં પંજશીર સિવાય પણ બીજી જગ્યાએ રોષ દેખાઈ રહ્યો છે. સોમવારે કાબુલમાં પણ પાકિસ્તાન સામે અફઘાનિસ્તાનની મહિલાઓ રસ્તા પર ઉતરી હતી અને તેમણે પાકિસ્તાન મુર્દાબાદના નારા લગાવ્યા હતા તથા કાબુલમાં અડિંગો જમાવનાર પાકિસ્તાનની જાસૂસી સંસ્થા આઈએસઆઈના ચીફ ફૈઝ હમીદ પાછા જાય તેવી માંગણી પણ કરી હતી. અફઘાનિસ્તાનના સંખ્યાબંધ વિસ્તારો એવા છે જ્યાં પાકિસ્તાનનો વિરોધ પહેલેથી રહ્યો છે પણ આ પહેલો મોકો છે જયારે કાબુલમાં આ પ્રકારના દેખાવો થયા છે. તાલિબાનને પાકિસ્તાન સાથ આપી રહ્યુ હોવાનો દાવો તો ઘણા સમયથી થઈ રહ્યો છે. અમેરિકન સૈન્ય અધિકારીઓ પણ આવી વાત કરી ચુકયા છે.

# છત્તિસગઢના મુખ્યમંત્રીના પિતા નંદકુમારની ધરપકડ

## બ્રાહ્મણ સમાજ વિરૂધ્ધ ટિપ્પણી કરતાં કડક કાર્યવાહી : નંદકુમાર બઘેલની વિવાદિત ટિપ્પણીનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ

રાયપુર, તા.૭

છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલના પિતા નંદ કુમાર બઘેલની ધરપકડ કરવામાં આવી છે. નંદ કુમાર બઘેલે કથિત રીતે બ્રાહ્મણ સમાજ વિરુદ્ધ ટિપ્પણી કરી જેને લઈને રાયપુરના ડીડી નગર પોલીસ સ્ટેશનમાં તેમની વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. નંદ કુમાર બઘેલની વિવાદિત ટિપ્પણીનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. એક પોલીસ અધિકારીએ જણાવ્યુ કે 'સર્વ બ્રાહ્મણ સમાજ' ની ફરિયાદ પર ડીડી નગર પોલીસ સ્ટેશનમાં શનિવારે મોડી રાત્રે ૮૬ વર્ષીય નંદ કુમાર પર એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. અધિકારીએ જણાવ્યું કે નંદ કુમાર બઘેલ વિરુદ્ધ આઈપીસીની કલમ ૧૫૩એ (વિવિધ સમૂહો વચ્ચે ધર્મ, જાતિ, જન્મસ્થાન, નિવાસ અને ભાષાના આદાર પર વૈમનસ્ય પેદા કરવો) અને કલમ-૫૦૫ (૧) (બી) હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે. ફરિયાદમાં સંગઠને આરોપ લગાવ્યો કે હાલમાં મુખ્યમંત્રીના પિતાએ બ્રાહ્મણોને વિદેશી ગણાવી લોકોને તેમનો બહિષ્કાર કરવાની અપીલ કરી હતી.

તેમણે કથિત રીતે બ્રાહ્મણોને ગામમાં ન આવવા દેવાનું આહ્વાન કર્યું હતું. અધિકારી પ્રમાણે નંદ કુમાર બઘેલે કથિત રીતે લોકોને અપીલ કરી કે તે બ્રાહ્મણોને દેશમાંથી કાઢે. તેમણે ફરિયાદીના હવાલાથી જણાવ્યું કે, મુખ્યમંત્રી ભૂપેશ બઘેલના પિતાએ પહેલા પણ ભગવાન રામ વિશે કથિત રીતે અપમાનજનક ટિપ્પણી કરી હતી. અધિકારીએ જણાવ્યુ કે, સંગઠને પોતાની ફરિયાદમાં કહ્યુ કે, મુખ્યમંત્રીના પિતાની કથિત ટિપ્પણીનો વીડિયો સોશિયલ મીડિયા પર ઉપલબ્ધ છે. પોલીસ પ્રમાણે નંદ કુમાર બઘેલે કથિત ટિપ્પણી હાલમાં ઉત્તર પ્રદેશમાં એક કાર્યક્રમને સંબોધિત કરતા કરી હતી.

# ISI વડાના કાબૂલમાં ધામા, કાશ્મીરમાં નવાજૂનીનાં એંધાણ

## અફઘાન પર તાલિબાનના કબજાથી પાકિસ્તાન ગેલમાં : બદલાયેલી પરિસ્થિતિ બાદ હવે આઈએસઆઈ જમ્મુ-કાશ્મીરમાં વધુ આક્રમક રણનીતિ પર કામ કરી શકે છે

નવી દિલ્હી, તા.૭

અફઘાનિસ્તાન પર તાલિબાનના કબજા પછી જો કોઈ પણ દેશ સૌથી વધુ ખુશ છે, તો તે પાકિસ્તાન છે. તાલિબાન જલ્દીથી અફઘાનિસ્તાનમાં સત્તા સંભાળી લે તેની ચિંતા તાલિબાનથી વધુ તો પાકિસ્તાન કરે છે. પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈના વડા પણ નવી સરકારની રચના પહેલા કાબુલ પહોંચી ગયા છે. અફઘાનિસ્તાનમાં તાલિબાનના કબજા બાદ પાકિસ્તાનની આઈએસઆઈ મજબૂત સ્થિતિમાં માનવામાં આવે છે. જો સંરક્ષણ સ્ત્રોતોનું માનીએ તો બદલાયેલી પરિસ્થિતિ બાદ હવે આઈએસઆઈ જમ્મુ -કાશ્મીરમાં વધુ આક્રમક રણનીતિ પર કામ કરી શકે છે. આ વ્યૂહરચના હેઠળ તાલિબાનના અફઘાનિસ્તાન પર કબજો મેળવ્યા પહેલા જ આઈએસઆઈ સક્રિય છે. આઈએસઆઈ છેલ્લા બે મહિનાથી જમ્મુ-કાશ્મીરમાં પાકિસ્તાન ફંડિત આતંકવાદી સંગઠન લશ્કર, જેઈએમ અને અલ-બદરના આતંકવાદીઓને ઘુસાડવાનો સતત પ્રયાસ કરી રહ્યું છે. ભારતીય સેન્ટ્રલ સિક્યુરિટી એસ્ટાબ્લિશમેન્ટના એક સૂત્રે અમારા સહયોગી ટાઈમ્સ ઓફ ઈન્ડિયાને જણાવ્યું હતું કે અત્યારે જમ્મુ -કાશ્મીરમાં લગભગ ૨૦૦ આતંકવાદીઓ સક્રિય છે. જેમાં વિદેશી અને સ્થાનિક બંને આતંકવાદીઓનો સમાવેશ થાય છે. જો સૂત્રોનું માનીએ તો આઈએસઆઈની સૂચના બાદ તેઓ કોઈપણ ખતરનાક ઘટનાને અંજામ આપી શકે છે. આઈએસઆઈના ઈરાદાને જોતા ભારતીય સુરક્ષા એજન્સીઓ પણ સક્રિય છે. આઈએસઆઈ ના પ્રયાસોને નિષ્ક્રિય કરવા માટે ભારતીય સુરક્ષા દળોએ સરહદ ગ્રીડને વધુ મજબૂત બનાવવાની સાથે સાથે પાકિસ્તાન સરહદ પર સર્વેલન્સ વધાર્યું છે. કાશ્મીરના ગામોમાં ઘૂસણખોરી કરનારા આતંકવાદીઓને સરળતાથી કોઈ સ્થાન ન મળે તે માટે ખાસ નજર રાખવામાં આવી રહી છે. આ વર્ષે જાન્યુઆરીથી અત્યાર સુધીમાં આતંકવાદી જૂથો માટે કામ કરતાં લગભગ ૫૦૦ ઓવરગ્રાઉન્ડ વર્કર્સની ધરપકડ કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.




# સાઉદીમાં અમેરિકન વ્હાઈટ ફાલ્કન ૩.૪૧ કરોડમાં વેચાયું

## સાઉદીમાં ઈન્ટરનેશનલ ફાલ્કન બ્રીડર્સ ઓક્શન : બાજ એક વર્ષથી નાની વયનું, તેને અમેરિકન પેસિફિક નોર્થવેસ્ટ ફાલ્કન્સ ફાર્મ ખાતેથી લાવવામાં આવ્યું હતું

રિયાધ, તા.૭

એક બાજ પક્ષીની કિંમતનો નવો રેકોર્ડ નોંધાયો છે. સાઉદી અરબમાં યોજાયેલી હરાજીમાં અમેરિકન વ્હાઈટ ફાલ્કન ૧.૭૫ મિલિયન સાઉદી રિયાલ (અંદાજીત ૩.૪૧ કરોડ રૂપિયા)માં વેચાયું છે. આ હરાજી સાઉદીની રાજધાની રિયાધથી ૪૦ માઈલ્સના અંતરે આવેલા માલ્હમ શહેરમાં આવેલા ઈન્ટરનેશનલ ફાલ્કન બ્રીડર્સ ઓક્શન ખાતે રવિવારે યોજાઈ હતી. ડેઈલી મેલના અહેવાલ પ્રમાણે આ બાજ એક વર્ષથી પણ નાની વયનું છે અને તેને અમેરિકન પેસિફિક નોર્થવેસ્ટ ફાલ્કન્સ ફાર્મ ખાતેથી લાવવામાં આવ્યું હતું. જેની ગણના વિશ્વના શ્રેષ્ઠ બ્રીડિંગ ફાર્મ્સમાંના એક તરીકે થાય છે. જે બાજે કિંમતનો નવો રેકોર્ડ નોંધાવ્યો છે તેની ૧૬.૫ ઈંચ લાંબુ અને વજન ૯૭૫ ગ્રામ છે.

હરાજીમાં આ વર્ષે ૧૪ દેશોના વિવિધ બ્રીડિંગ ફાર્મ્સે ભાગ લીધો હતો. આ હરાજીની સાઉદી ટીવી અને સોશિયલ મીડિયા પર લાઈવ કવરેજ કરવામાં આવ્યું હતું. ખાડીના દેશોમાં બાજ પાળવાનો ઘણો લાંબો ઈતિહાસ રહ્યો છે.

સાઉદીમાં ધનિકોમાં શ્રેષ્ઠ જાતિના બાજ પાળવાનો શોખ છે અને તેની પાછળ ઘણા રૂપિયા ખર્ચ કરવામાં આવે છે. જોકે, આ પ્રથમ વખત છે કે એક આટલી મોટી કિંમતે વેચાયું છે. આઈએફબીએના જણાવ્યા પ્રમાણે સાઉદી અરબમાં જ ૨૦,૦૦૦ જેટલા ફાલ્કનર્સ છે. સાઉદીમાં બાજને ખાસ ટ્રેનિંગ પણ આપવામાં આવે છે. રિયાધમાં દર વર્ષે ડિસેમ્બરમાં ધ કિંગ અબ્દુલઅઝીઝ ફાલ્કની ફેસ્ટિવલનું આયોજન પણ થાય છે. જ્યાં ૨૦૧૯માં ગિનીઝ બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડ નોંધાયો હતો કેમ કે ત્યારે ૨,૩૫૦ બાજની હાજરી નોંધાઈ હતી. ખાડી દેશોમાં બાજને એક સ્ટેટસ સિમ્બોલ તરીકે પણ જોવામાં આવે છે.

# કોવિડ કેસોમાં ધરખમ ઘટાડો, ૩૧૨૨૨ નવા કેસ

## દેશમાં એક જ દિવસમાં ૧ કરોડ ૧૩ લાખ લોકોને કોરોનાની રસી અપાઈ, રિકવરી રેટ સુધરીને ૯૭.૫૦ ટકા થયો, કેરળમાં કોરોનાના કેસોમાં ઘટાડો

નવી દિલ્હી,તા.૭

ભારતમાં કોરોના વેક્સીનેશન અભિયાન વેગવંતુ બન્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧ કરોડ ૧૩ લાખથી વધુ લોકોને કોરોનાની વેક્સીન આપવામાં આવી છે. બીજી તરફ, સંક્રમણનું જોર પણ થોડું ઘટ્યું હોય એવું લાગી રહ્યું છે. એક દિવસમાં ૩૧ હજાર જેટલા લોકો સંક્રમિત થયા છે, જ્યારે મૃત્યુઆંક ૩૦૦ની નીચે નોંધાયો છે. નિપાહ વાયરસના ખતરાની વચ્ચે કેરળમાં કોરોનાના કેસોમાં મોટો ઘટાડો નોંધાતા ૧૯ હજાર નવા કેસ સામે આવ્યા છે. મહારાષ્ટ્રમાં પણ સંક્રમિત લોકોની સંખ્યા ૪ હજારથી નીચે નોંધાઈ છે. આ ઉપરાંત ગુજરાતની વાત કરીએ તો, છેલ્લા ૨૪ કલાકમાં ૧૯ લોકો સંક્રમિત થયા છે. મંગળવાર સવારે કેન્દ્રીય આરોગ્ય વિભાગે જાહેર કરેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૩૧,૨૨૨ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૨૯૦ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. મોતનો આંકડો ૧૪૭ દિવસનો સૌથી ઓછો છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૩,૩૦,૫૮,૮૪૩ થઈ ગઈ છે.

બીજી તરફ, દેશમાં કુલ ૬૯,૯૦,૬૨,૭૭૬ લોકોને કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧,૧૩,૫૩,૫૭૧ કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે.

# ભાજપના ૨૪ ધારાસભ્યો ટીએમસીમાં જોડાવા તૈયાર

## પ.બંગાળમાં પરાજય બાદ ભાજપ વધુ નબળી પડી : અઠવાડિયામાં મુકુલ રોયની નિકટના મનાતા ભાજપના ત્રણ ધારાસભ્યો ટીએમસીમાં જોડાઈ ચુકયા છે

કોલકાતા, તા.૭

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી હાર્યા બાદ રાજ્યમાં ભાજપ સતત નબળી પડી રહી છે. ચૂંટણી બાદ ચાલી રહેલા હિંસાના દોર વચ્ચે પાર્ટીના એક પછી એક નેતાઓ તથા ધારાસભ્યો ભાજપ છોડીને મમતા બેનરજીની પાર્ટી ટીએમસીમાં જોડાઈ રહ્યા છે. ટીએમસીમાંથી ભાજપમાં ગયેલા અને ભાજપમાંથી ફરી ટીએમસીમાં પાછા ફરેલા દિગ્ગજ નેતા મુકુલ રોયથી આ સિલસિલો શરૂ થયો હતો અને હવે મુકુલ રોયે દાવો કર્યો છે કે, ભાજપના ૨૪ ધારાસભ્યો મારા સંપર્કમાં છે અને તેઓ ટીએમસીમાં આવવા માટે તૈયાર છે. મુકુલ રોયનુ નિવેદન એવા સમયે આવ્યુ છે જ્યારે એક જ અઠવાડિયામાં ભાજપના ત્રણ ધારાસભ્યો ટીએમસીમાં જોડાઈ ચુકયા છે. આ ત્રણે ધારાસભ્યો મુકુલ રોયની નિકટના હોવાનુ મનાય છે. ખુદ મુકુલ રોયે પણ જુન મહિનામાં ભાજપ સાથે છેડો ફાડી નાંખ્યો હતો. ભાજપ છોડી રહેલા ધારાસભ્યોના કારણે હવે વિધાનસભામાં ભાજપના ધારાસભ્યોની સંખ્યા ૭૧ રહી ચુકી છે.

# દેશમાં રહેતા હિન્દુ-મુસલમાનના પૂર્વજ એક : મોહન ભાગવત

## હિન્દુ કોઈની સાથે દુશ્મની રાખતા નથી : ઈસ્લામ આક્રાંતાઓની સાથે ભારત આવ્યો, આ ઈતિહાસ છે અને તેને તે રીતે દર્શાવવો જોઈએ : ભાગવત

નવી દિલ્હી,તા.૭

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક મોહન ભાગવતે હિન્દુ અને મુસલમાનોને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે હિન્દુઓ અને મુસલમાનોના પૂર્વજો એક જ હતા અને દરેક ભારતીય નાગરિક હિન્દુ છે. તેમણે પુણેમાં ગ્લોબલ સ્ટ્રેટેજિક પોલીસી ફાઉન્ડેશન દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં કહ્યું કે સમજદાર મુસ્લિમ નેતાઓએ કટ્ટરપંથીઓ વિરુદ્ધ દઢતાથી ઊભા રહેવું જોઈએ. મોહન ભાગવતે કહ્યું કે ભારતમાં અલ્પસંખ્યક સમુદાયે કોઈ પણ ચીજથી ડરવાની જરૂર નથી કારણ કે હિન્દુ કોઈની સાથે દુશ્મની રાખતા નથી. તેમણે કહ્યું કે હિન્દુ શબ્દ માતૃભૂમિ, પૂર્વજ અને ભારતીય સંસ્કૃતિ બરાબર છે. આ અન્ય વિચારોનું અસન્માન નથી. આપણે મુસ્લિમ વર્ચસ્વ અંગે નહીં પણ ભારતીય વર્ચસ્વ અંગે વિચારવાનું છે. ભારતના સર્વાંગી વિકાસ માટે બધાએ મળીને કામ કરવું જોઈએ. મોહન ભાગવતે કહ્યું કે ઈસ્લામ આક્રાંતાઓની સાથે ભારત આવ્યો. આ ઈતિહાસ છે અને તેને તે રીતે દર્શાવવો જોઈએ. સમજદાર મુસ્લિમ નેતાઓએ બિનજરૂરી મુદ્દાઓનો વિરોધ કરવો જોઈએ અને કટ્ટરપંથીઓ તથા ચરમપંથીઓ વિરુદ્ધ દઢતાથી ઊભા રહેવું જોઈએ. જેટલું બને તેટલું જલદી આપણે તે કરીશું, તેનાથી સમાજને એટલું જ ઓછું નુકસાન થશે. આરએસએસ પ્રમુખે કહ્યું કે ભારત એક મહાશક્તિ તરીકે કોઈને ડરાવશે નહીં. તેમણે રાષ્ટ્ર પ્રથમ તથા રાષ્ટ્ર સર્વોચ્ચ વિષયક ચર્ચામાં કહ્યું કે હિન્દુ શબ્દ આપણી માતૃભૂમિ, પૂર્વજ અને સંસ્કૃતિની સમૃદ્ધ ધરોહરનો સમાનાર્થી છે.